રાજયમાં રોકાયેલા અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં અસંગઠિત શ્રમયોગીઓ/સ્વાશ્રયી વ્યવસાયિકોને વ્યવસાયલક્ષી સિલીકોસિસ રોગની બિમારીમાં આર્થિક સહાય આપવા અંગેની યોજના.

ગુજરાત સરકાર

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,

સુધારા ઠરાવ ક્રમાંક: LED/LAD/e-file/11/2024/0609/M2

સચિવાલય, ગાંધીનગર.

તા. 21 APR 2026

વંચાણે લીધા:

(૧) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનો તા.૦૭/૦૧/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: LED/LAD/e-file/11/2024/0609/M2

(૨) માન. ગુજરાત હાઈકોર્ટનો SCA No.4137 of 2024 અન્વયે તા.30/03/૨૦૨૬નો ઓરલ ઓર્ડર

(3) ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરનો તા.૧૭/૦૪/૨૦૨૬નો પત્ર ક્રમાંક:ગ્રશ્રક/બોર્ડ/સિલિકોસીસ/૨૦૨૬/૧૪૨૬

આમુખ:

રાજયમાં અકિક/પથ્થર ઉધોગ/ બાંધકામમાં રોકાયેલ શ્રમયોગીઓ ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય કામગીરી કરતાં અસંગઠિત શ્રમયોગીઓ/ સ્વાશ્રયી વ્યવસાયિકો આ કામગીરી દરમિયાન ઉડતી રજકણો શ્વાચ્છોશ્વાસ મારફતે તેમના ફેફસાંમાં પ્રવેશતાં સિલીકો-ટયુબરકયુલોસીસ/સિલીકોસિસની બિમારી લાગુ પડતી હોય છે. તેવા શ્રમયોગી સિલીકોસીસ જેવા ગંભીર રોગના કારણે પીડાતા હોય છે. આવાં શ્રમયોગીઓના સિલીકોસિસથી દુ:ખદ અવસાન થવાના કિસ્સામાં સરકારશ્રી દ્વારા તેમના વારસદારને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

સંદર્ભ (3)ના પત્રથી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા તા.૦૭/૦૧/૨૦૨૬ના ઠરાવની જોગવાઈઓમાં કેટલીક વધુ સ્પષ્ટ જોગવાઈ સૂચવતા સુધારા કરવા દરખાસ્ત કરેલ હતી. સંદર્ભ (૧) પરના ઠરાવના **અરજી પત્રકના ભાગ નં.૨ માં "અકિક" ની જગ્યાએ "અકીક/પથ્થર/ બાંધકામ" ના વ્યવસાયમાં રોકાયેલ મુજબનો સુધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.**

સુધારા ઠરાવ:

સરકારશ્રીની કાળજી પૂર્વકની વિચારણાને અંતે આથી સંદર્ભ (૧) દર્શાવેલ ઠરાવમાં નીચેની વિગતો ઉમેરીને સુધારા ઠરાવ બહાર પાડવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવના **અરજી પત્રકના ભાગ નં.૨ માં "અકિક" ની જગ્યાએ "અકીક/પથ્થર/ બાંધકામ" ના વ્યવસાયમાં રોકાયેલ હોવાનું જણાય છે." મુજબનો સુધારો કરવામાં આવે છે.**

તા.૦૭/૦૧/૨૦૨૬ના ઠરાવની અન્ય શરતો અને પરિશિષ્ટની અન્ય બાબતો યથાવત રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSD/-

(દ્રષ્ટિ શાહ)

નાયબ સચિવ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

%બિડાણ: <u>અરજી પત્રકનું ભાગ નં.૨</u>

નકલ રવાના:-

1. માન.મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન. રા.ક. મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
3. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, બ્લોક નં. - ૧/૫, સચિવાલય, ગાંધીનગર.
4. અગ્રસચિવશ્રી (નાણા), બ્લોક-૪, સચિવાલય, ગાંધીનગર
5. સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
6. શ્રમ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, E1,E2,F2 વીંગ, પ્રથમ માળ, બ્લોક નં-3, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
7. નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.
8. સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
10. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
11. નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
12. તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
13. નાણાં સલાહકારશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
14. બજેટ શાખા, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
15. આઈ.ટી.સેલ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.
16. નાયબ સેક્શન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.
17. શાખા સિલેક્ટ ફાઇલ.

## ભાગ-૨

## સરકારી શ્રમ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ તપાસની વિગત

કેસ રજીસ્ટર નંબર:...................................... વર્ષ :...................... તારીખ :......................................

અરજદારશ્રી.........................................................................ઉંમર(વર્ષ)...............તાલુકો:......................

જીલ્લો......................................... એ રજુ કરેલ ઉકત દાવા અરજીની વિગતો અંગે મેં પ્રાથમિક ચકાસણી કરેલ છે અને સદરહું અરજીમાં અરજદારશ્રીના વ્યવસાય અંગે સક્ષમ સત્તાધિકારીશ્રીએ કરી આપેલ ખરાઈ પ્રમાણપત્રના આધારે અરજદારશ્રી અકિક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલ હોવાનું જણાય છે.

આથી અરજદારશ્રીને આ યોજના હેઠળ આપવાની આર્થિક સહાયના ચુકવણા અંગે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ,ગાંધીનગરને આથી ભલામણ કરવામાં આવે છે.

સહી/-

સરકારી શ્રમ અધિકારી

..................................................................

તારીખ : ..............................................

સ્થળ:- ..............................................

**અરજી જીલ્લાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને મંજુરી અર્થે મોકલ્યા અંગેની વિગત**

...............................................................................................................................................

આઉટવર્ડ ક્રમાંક ...........................................................................................................................

તારીખ ..............................................